શ્યામાપ્રસાદ મુખર્જી રર્બન મિશન યોજનાના અમલીકરણ માટે સ્ટેટ લેવલ એમ્પાવરમેન્ટ કમીટીની રચના કરવા બાબત

# ગુજરાત સરકાર

પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
હુકમ ક્રમાંક :- આરબીએન/૧૦૨૦૧૬/૧૨૨/લ
તારીખ : ૨૨/૧/૨૦૧૬

વંચાણે લીધા :-

(૧) શ્યામાપ્રસાદ મુખર્જી રર્બન મીશનની ભારત સંરકાર તરફથી મળેલ ગાઈડલાઈન

પ્રસ્તાવના :-

ભારત સરકારના માન.નાણાંમંત્રીશ્રીએ વર્ષ ૨૦૧૪-૧૫ ના કેન્દ્રીય બજેટમાં ગ્રામ્ય વિસ્તારમાં માળખાકીય સુવિધાઓ ઉભી કરવા માટે "શ્યામાપ્રસાદ મુખર્જી રર્બન મિશન" નામની નવીન સંકલિત યોજના જાહેર કરેલ છે. જેનો મુખ્ય ઉદ્દેશ સ્થાનિક આર્થિક વિકાસને પ્રાણવંત કરવો, પાયાની સુવિધાઓમાં વધારો તેમજ સુયોજીત રર્બન કલસ્ટર ઉભા કરવાનો છે.

વંચાણ-(૧) માં દર્શાવેલ શ્યામાપ્રસાદ મુખર્જી રર્બન મીશનની ભારત સરકાર તરફથી મળેલ ગાઈડ લાઈનના ફકરા નં.૯.૧.૨ માં જણાવ્યા મુજબ રાજય લેવલે મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપદે સ્ટેટ લેવલ એમ્પાવર્ડ કમીટીની રચના કરવાની રહે છે.

ઠરાવ :-

ભારત સરકારની ઉપરોકત ગાઈડ લાઈનના અનુસંધાને શ્યામાપ્રસાદ મુખર્જી રર્બન મિશન યોજનાના અમલીકરણ માટે પુખ્ત વિચારણાના અંતે નીચે દર્શાવેલ સભ્યોની એમ્પાવર્ડ કમીટીની રચના કરવા ઠરાવવામાં આવે છે.

| ક્રમ | હોદ્દો | સમિતિનો હોદ્દો |
|---|---|---|
| ૧ | મુખ્યસચિવશ્રી | અધ્યક્ષશ્રી |
| ૨ | સચિવશ્રી/અગ્રસચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ઉપાધ્યક્ષશ્રી |
| ૩ | સચિવશ્રી/અગ્રસચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ | સભ્યશ્રી |
| ૪ | સચિવશ્રી/અગ્રસચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી, પાણી પુરવઠા વિભાગ | સભ્યશ્રી |
| ૫ | સચિવશ્રી/અગ્રસચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી, ગ્રામ વિકાસ વિભાગ | સભ્યશ્રી |
| ૬ | સચિવશ્રી/અગ્રસચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી, આયોજન પ્રભાગ (સામાન્ય વહીવટ વિભાગ) | સભ્યશ્રી |
| ૭ | સચિવશ્રી/અગ્રસચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી, મહેસૂલ વિભાગ | સભ્યશ્રી |
| ૮ | વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય | સભ્ય સચિવશ્રી |

ઉપરોકત કમીટીએ ઈન્ટીગ્રેટેડ કલસ્ટર એકશન પ્લાન્સ **(ICAPs)** મીશન ડાયરેકટરેટ, ભારત સરકારને મોકલતા પહેલા તેને ભલામણ/મંજૂરી આપવાની રહેશે. આ ઉપરાંત આ કમીટી ઉકત યોજનાના અસરકારક સંકલન અને અમલીકરણ માટે નીતીવિષયક નિર્ણયો લેવા માટે જવાબદાર રહેશે.

ઉપરોકત સમિતિની રચના આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પરના નાણાં વિભાગના તા.૨૦/૧૨/૨૦૧૫ ના નોંધ પરના આદેશો અન્વયે કરવામાં આવે છે.

ગુજરાતના માન.રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(આઈ.એમ.શેખ)
સંયુકત સચિવ
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

264Rurban

૩૯/ખાંધ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (પં.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, મુખ્યસચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, અધિક મુખ્ય સચિવશ્રી, નાણાંનું કાર્યાલય,સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, અગ્રસચિવશ્રી, પંચાયતનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, અગ્રસચિવશ્રી, મહેસુલનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, અગ્રસચિવશ્રી, પા.પુનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, અગ્રસચિવશ્રી, ગ્રામ વિકાસનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, અગ્રસચિવશ્રી, સા.વ.વિ. નું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- વિકાસ કમિશનરશ્રી, વિકાસ કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- નાણાંકય સલાહકારશ્રી (પંચાયત), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટ જનરલ અમદાવાદ / રાજકોટ
- સીસ્ટમ મેનેજરશ્રી, પં.ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ તથા પ્રસ્તુત ઠરાવ પંચાયત વિભાગની વેબસાઈટ પર મૂકવા કાર્યવાહી થવા સારુ
- શાખા સિલેકટ ફાઈલ